દાખલ તારીખ : ૧૭/૦૩/૨૦૨૬
નોધણી તારીખ : ૧૭/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ : ૨૫/૦૩/૨૦૨૬
અવધિ :વર્ષ–માસ–દિવસ
૦૦–૦૦–૦૮

---

**બોડેલીના મહે. અધિક સેશન્સ જજ ( સાગર પ્રેમ શંકર)સાહેબની કોર્ટમા મુ.બોડેલી**

---

ક્રિમીનલ રીવીઝન અરજી નં. ૨૫/૨૦૨૬
આંક :

**અરજદાર :–** **વિજયસિંહ લક્ષ્મણભાઈ સોલંકી**
ઉ.વ. :–૩૪, ધંધો :– ખેતી,
રહે. સ્કુલ ફળિયુ, ગામ :– ઉમરી,
તા.વખતગઢ, જી. અલીરાજપુર

**વિરુદધ**

**સામાવાળા :–** શ્રી સરકાર

**બી.એન.એસ.એસ. ની કલમ–૪૩૮ મુજબ રીવીઝન અરજ**

---

અરજદાર તરફે : વિ. વકીલશ્રી પી.એસ. જયસ્વાલ
સરકાર તરફે : વિ. એપીપીશ્રી જે.બી.પુરાણી

---

**: હુકમ :**

**(૧)** અરજદાર ના વિ. વકીલશ્રી ને સાંભળ્યા. સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી ને સાંભળ્યા તથા કેસ પેપર્સ વંચાણે લીધા. હાલની અરજી નસવાડી પોલીસ સ્ટેશનના ગુના રજી. નં.૧૧૧૮૪૦૦૭૨૫૧૫૬૫/૨૦૨૫ થી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ),૬૫ (ઈ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(૨) તથા બી.એન.એસ.એસ.ની કલમ ૧૧૧(૩) મુજબના ગુનાના કામે કબજે કરેલ અરજદારની માલીકીનુ મુદ્દામાલ વાહન મહીન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ, જેનો રજીસ્ટ્રેશન નં.GJ-34-T-2066 છે, ચેસીસ નં. 39800, જેનો એન્જીન નં. 96410 છે, જે પરત મેળવવા હાલની અરજી આપેલી છે. અરજદારે અરજી સાથે નિ.૩/૧ થી વાહનની

આર. સી. બુક ની ઝેરોક્ષ નકલ, ની.૩/૨ થી અરજદારના આધાર કાર્ડની નકલ, ની.૩/૩ થી એફ.આઈ.આર. ની ઝેરોક્ષ નકલ, નિ.૩/૪ થી નીચલી કોર્ટમાં ગુજારેલ અરજ તે લગત થયેલ હુકમની ઝેરોક્ષ નકલ રજુ કરેલી છે.

અરજદારની અરજીની હકીકત એવી છે કે, નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદાકીય સિધ્ધાંતોને ધ્યાનમાં લીધા સિવાય કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો છે. સદર મુદ્દામાલ વાહન અરજદારની માલીકીનુ છે જે આર.ટી.ઓ.માં અરજદારના નામે છે અને અરજદારની જીવન જરૂરીયાત માટેનુ સાધન છે. સદર ગુનાના આખરી નીકાલ આવતા ખુબ લાંબો સમય થાય તેમ છે, જો તે લાંબા સમય સુધી પોલીસ કસ્ટડીમા પડી રહેશે તો તેની રીયલ વેલ્યુ તેમજ તેની ઉપયોગીતામા ઘટાડો થાય તેમ છે તથા તેને નુકશાન થવાની શકયતાઓ રહેલી છે. અરજદાર ના. કોર્ટ જે શરતોને આધિન મુદ્દામાલ પરત કરશે તે તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરશે. તેથી ઉપરોકત મુદ્દામાલ વહન અરજદાર ને પરત કરવા માટે યોગ્ય રકમના જામીન લઈ મુદ્દામાલ પરત સોંપવા અરજદારે વિનંતી કરેલી છે.

(૨) વિ.એ.પી.પી. શ્રી એ તેમની દલીલોમા જણાવ્યુ છે કે, અરજદાર વિરૂધ્ધના પ્રોહીબીશન એકટ ની કલમ-૬૫(એ)(ઈ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(૨) તથા બી.એન.એસ.એસ.ની કલમ ૧૧૧(૩) મુજબના ગુનાનો આક્ષેપ હોય, મુદ્દામાલ વાહન નહી છોડવા અરજ ગુજારેલી છે. તેમજ આ કામે **તપાસ કરનાર અમલદારશ્રી નાએ પણ સદર મુદ્દામાલ પરત નહી સોંપવા સ્પષ્ટ અભીપ્રાય આપેલો છે.**

(૩) અરજી તથા રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે. અરજદારના વિધ્વાન વકીલશ્રી તથા સામા પક્ષે સરકારી વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે, નીચેની અદાલત નુ રેકર્ડ મંગાવવામાં આવેલ છે તે રેકર્ડને વંચાણે લીધુ.

(૪) રેકર્ડ ઉપરથી ફલીત થાય છે કે, આ કામના આરોપીના કબજા ભોગવટાના વાહન માંથી ભારતીય બનાવટનો વિદેશી દારુ માઉન્ટસ ૬૦૦૦ ઓરીજીનલ સુપર સ્ટ્રોન્ગ બીયર ૫૦૦ મી.લી.ની બોટલ નંગ-૫૭૬, જેની કિંમત રૂા.૧,૧૬,૩૫૨/- ગોઆ સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કી૧૮૦ મી.લી. ના કવાટરીયા નંગ- ૧૨૫૦, જેની કિંમત રૂા. ૩,૧

૩,૭૫૦.૦૦ આમ, કુલ બોટલ નંગ–૧૮૨૬, કુલ કિંમત રૂા.૪,૩૦,૧૦૨/–નો પ્રોહી. મુદ્દામાલનો જથ્થો મળી આવેલો છે. અરજદારે નિ.૩/૧ થી વાહનની આર. સી. બુક ની ઝેરોક્ષ નકલ, ની.૩/૨ થી અરજદારના આધાર કાર્ડની નકલ, ની.૩/૩ થી એફ.આઈ. આર. ની ઝેરોક્ષ નકલ, નિ.૩/૪ થી નીચલી કોર્ટમાં ગુજારેલ અરજ તે લગત થયેલ હુકમની ઝેરોક્ષ નકલ રજુ કરેલી છે જે બાબતને ઘ્યાને લેતા અરજદાર વાહનના માલીક છે તેમજ તેમની માલીકી કબજા ભોગવટાના વાહનમાંથી પ્રોહીબીશન મુદ્દામાલ નો જથ્થો મળી આવેલો છે, તે અંગે કોઈ તકરાર ઉપસ્થિત નથી. અરજદારના મુદ્દામાલ વાહનમાંથી કુલ **૫૧૩ લીટર** નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલો છે. જે **૨૦–લીટર કરતા વધારે છે.**

(૫) નામદાર ગુજરાત હાઈકોર્ટનો સરકયુલેટ કરેલો **પરેશકુમાર જયકરભાઈ બ્રહમભટ્ટ વિરુઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત સ્પેશીયલ ક્રિમીનલ એપ્લીકેશન (પજેશન ઓફ મુદ્દામાલ) નં. ૮૫૨૧/૨૦૧૭ તા.૧૫/૧૨/૨૦૧૭** આ અદાલતે ઘ્યાને લીધેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદા મુજબ જોઈએ તો, મેજીસ્ટ્રેટ કોર્ટને પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ મુદ્દામાલ છોડવાની સત્તા કે હકૂમત નથી, તેમ ઠરાવવામાં આવેલ છે અને નામદાર હાઈકોર્ટે એમ પણ ઠરાવેલ છે કે, જયારે પ્રોહીબીશન એકટના ગુનામાં સંડોવાયેલ વાહનની કસ્ટડી કલમ–૯૮(૨) સાથે વાંચતા નિયમ–૯ મુજબ રીલીઝ કરવાની જયુડીશીયલ મેજીસ્ટ્રેટને સત્તા અને હકૂમત નથી સાથે સાથે સેશન્સ અદાલતને પણ બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ ના પ્રબંધો અનુસાર તેના ઉપરની રીવીઝન અરજી મંજુર કરવાની સત્તા નથી.

(૦૬) આ અદાલતે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ત્યારબાદનો **સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ધ મહેશભાઈ જેઠાભાઈ, સ્પેશીયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૮૮૫૮/૨૦૧૭, તા:૨૪/૦૧/૨૦૧૮** ના રોજનો ચુકાદો પણ વંચાણે લીધો છે. સાતમા એડીશ્નલ સેશન્સ જજશ્રી, બનાસકાંઠા એટ પાલનપુર નાઓએ પ્રોહી. ગુનામાં સંડોવાયેલ મુદ્દામાલ વાહનની વચગાળાની કસ્ટડી મેળવવા માટે કરવામાં આવેલી અરજી શરતોને આધીન મંજુર કરેલ હતી અને બાદમાં સરકારશ્રી તરફથી ઉપરોકત સ્પેશીયલ ક્રિમીનલ એપ્લીકેશન દાખલ થયેલ હતી જે કામે નામદાર હાઈકોર્ટે સેશન્સ જજશ્રીનો ચુકાદો ફેરવી નાખતી વખતે ફરી વખત એવુ અવલોકન કરેલ છે કે, **પરેશકુમાર જયકરભાઈ બ્રહમભટ્ટ**ના ચુકાદાની અવગણના થઈ શકે નહી અને

પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ વાહન સેશન્સ અદાલત વચગાળા ના તબકકે મુકત કરી શકે નહી.

(૦૭) નામદાર ગુજરાત હાઈકોર્ટે **અનીલકુમાર રામલાલ ઉર્ફે રમણલાલ મહેતા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, સ્પે.ક્રિ.એપ્લીકેશન નં. ૨૧૮૫/૨૦૧૮ ચુકાદા તારીખ: ૫/૪/૨૦૧૮** ના કામે પણ ફરી વખત એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, પ્રોહીબીશન એકટના ગુનામાં સંડોવાયેલ મુદ્દામાલ વાહનની વચગાળાની કસ્ટડી તેના માલીક ને પરત સોપવા માટે પ્રોહીબીશન એકટની કલમ–૯૮(૨)નો બાધ નડે છે, અને મેજીસ્ટ્રેટશ્રીની અદાલત, અગરતો સેશન્સ અદાલતને મુદ્દામાલની વચગાળાની કસ્ટડી બાબતનો હુકમ કરવાની હકૂમત રહેલી નથી.

(૦૮) નામદાર ગુજરાત હાઈકોર્ટે **મધુ શંકરસિંહ તોમર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, સ્પે. ક્રિ. એપ્લીકેશન નં.૩૭૦૧/૨૦૨૦ ચુકાદા તારીખ :૨૬/૦૮/૨૦૨૦** ના કામે પેરા–૯ માં નીચે મુજબ ઠરાવેલ છે,

> 9 "This Court in case of Anilkumar Ramlala alias Ramanlalji Mehta vs. State of Gujarat rendered in Special Criminal Application No.2185 of 2018, has directed the release of the vehicle by imposing suitable conditions. Moreover, the coordinate benches of this Court have also directed the release of the vehicle applying the principles laid down by the Apex Court in case of Sunderbhai Ambalal Desai vs. State of Gujarat, reported in AIR 2003 SC 638 . **Except the fact that in view of the embargo provided in Section 98 of the Gujarat Prohibition act, 1949, the Courts below have rightly not exercised the powers,** nothing adverse has been pointed out by the learned Additional Public Prosecutor for not exercising the powers for releasing the vehicle in question, by this Court. Thus, applying the aforesaid principles of law to the facts of the present case, this Court is inclined to exercise power under Article 226 of the Constitution of India."

(૦૯) આમ, નામદાર હાઈકોર્ટના ઉપરોકત ટાંકેલા ચુકાદાઓ મુજબ જોઈએ તો, નીચેની અદાલતના વિધ્વાન મેજીસ્ટ્રેટ શ્રીએ પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ વાહન રીલીઝ નહી કરીને કોઈ કાયદાની કે, હકૂમતની ભુલ કરેલ નથી. હાથ ઉપરના કેસમાં આક્ષેપ મુજબ ભારતીય બનાવટનો વિદેશી દારુ માઉન્ટસ ૬૦૦૦ ઓરીજીનલ સુપર સ્ટ્રોન્ગ બીયર ૫૦૦ મી.લી.ની બોટલ નંગ–૫૭૬, જેની કિંમત રૂા.૧,૧૬,૩૫૨/– ગોઆ સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કી૧૮૦ મી.લી. ના કવાટરીયા નંગ– ૧૨૫૦, જેની કિંમત રૂા. ૩,૧૩,૭૫૦.૦૦ આમ, કુલ બોટલ નંગ–૧૮૨૬, કુલ કિંમત રૂા.૪,૩૦,૧૦૨/– નો પ્રોહી. મુદ્દામાલનો જથ્થો જયારે અરજદારની માલીકીના વાહનમાંથી મળી આવેલો છે, વાહન પ્રતિબંધીત પ્રોહીબીશન જથ્થા સાથે પકડાયેલ છે, ત્યારે માનવાને કારણ રહે છે કે, સદર વાહનમાં જ પ્રતિબંધિત પરપ્રાન્તીય દારુની હેરફેર કરવામાં આવી રહેલ હતી, તેથી મુદ્દામાલ વાહનની વચગાળાની કસ્ટડી હાલના અરજદારને સોપી શકાય તેમ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

**૧.** અરજદારની અરજી આથી '**નામંજુર**' કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.**૨૫ મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૫/૦૩/૨૦૨૬
સ્થળ:બોડેલી

**(સાગર પ્રેમ શંકર)**
એડી.ડીસ્ટ્રીકટ જજ, બોડેલી
જી.જે.૦૧૬૦૧

**V N TADVI STENO**